બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ભરતીને બહાલી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧-૨૦૦૯-૩૫૧૬૨૦ -ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩.૧૦..૨૦૦૯

વંચાણે લીધાઃ-

૧. તા. ૨૫.૮.૨૦૦૯ નો સમાનાંકી ઠરાવ.
૨. સંયુક્ત નિયામક (હિસાબ) નો તા. ૧.૧૦.૨૦૦૯ નો પત્ર.

સુધારા ઠરાવ :-

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવામાં આવતી શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂકોને અગાઉ ઓડીટને આધીન બહાલી આપવાની જે જોગવાઇ કરવામાં આવેલ હતી તેમાં ઉક્ત વંચાણે લીધેલ તા.૨૫.૮.૨૦૦૯ ના ઠરાવથી ફેરફાર કરવામાં આવેલ છે પરંતુ આ ઠરાવમાં નીચે મુજબ આથી સુધારો કરવામાં આવે છે.

જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ ધ્વારા કામચલાઉ બહાલી આપવાની પ્રથા બંધ કરવાની રહેતી નથી પરંતુ કાયમી બહાલી આપવા સારુ દરખસ્તો કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરીને રજુ કરવામાં આવતી હતી તેમાં માત્ર ફેરફાર કરવામાં આવેલ છે. બિન સરકારી માધ્યમિક શાળાઓમાં સહાયક સંવર્ગમાં ભરતી થાય છે તેથી સહાયક સંવર્ગમાં પાંચ વર્ષ સંતોષકારક રીતે પુરા થાય પછી નિયત સંવર્ગમાં નિમણૂક થાય ત્યારે કાયમી બહાલી આપવાની રહેશે. તેથી કામચલાઉ બહાલી અટકાવવી નહીં. પરંતુ કામચલાઉ બહાલી પણ આપતી વખતે ઠરાવ સાથે સામેલ ચકાસણી પત્રકની વિગતો સાથેનું રેકર્ડ રાખવાનું રહેશે અન્યથા ઠરાવની અન્ય શરતો મુજબ નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરી શકાશે. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીમાં ઘણાં સમયથી કાયમી બહાલીની દરખાસ્તો પડતર છે તે પૈકી જે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીને નિવૃત્તિના ત્રણ વર્ષ બાકી હોય તેવા જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા કાયમી બહાલી માટે પડતર દરખાસ્તોને મંજુરી આપવાની રહેશે નહીં. આવી દરખાસ્તો અંગે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ જ બે માસમાં આખરી નિર્ણય કરવાનો રહેશે.

કાયમી બહાલી આપતી વખતે પણ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ ધ્વારા પૂરતી કાળજી લેવામાં આવે તે માટે ઠરાવ સાથેના ચેકલીસ્ટ મુજબની વિગતો રાખવાની રહેશે અને તેની પણ ઓડીટ ધ્વારા પૂરતી ચકાસણી કરવાની રહેશે. આ ઠરાવના અમલીકરણ બાબતે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી કે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીને કોઇ વહીવટી મુશ્કેલી જણાતી હોય તો તેની લેખિતમાં જાણ નાયબ સચિવશ્રી (માધ્યમિક)ને બારોબાર કરવાની રહેશે. પરંતુ, બિનજરુરી વહીવટી પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવશે તો સંબંધિતો સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની ફરજ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એન.પી.વાછાણી )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સંયુકત નિયામકશ્રી (ઓડીટ), કમિ. મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેકટર નં. ૧૦, ગાંધીનગર.

તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ........................

પસંદગી ફાઇલ.